# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 09-04-2024 Evening : 7.50 to 8.00pm

Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

- ચૂંટણી પંચે કહ્યું છે કે 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે એક હજાર 210 ઉમેદવારો ચૂંટણીજંગમાં છે.
- ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે 2024ની ચૂંટણી 21મી સદીના ભારત માટે ખૂબ જ મહત્વની છે.
- મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડીએ લોકસભા બેઠકોની વહેંચણીની જાહેરાત કરી.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે નવી દિલ્હીમાં વિશ્વ હોમિયોપેથી દિવસ નિમિત્તે બે દિવસીય હોમિયોપેથી સેમિનારનું ઉદ્ઘાટન કરશે.
- એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ-ઇડીએ પંજાબ અને મહારાષ્ટ્ર કોઓપરેટિવ બેંકના લોન છેતરપીંડી કેસમાં 52 કરોડ રૂપિયાથી વધુની કિંમતની જમીન અસ્થાયી રૂપે જપ્ત કરી છે.
- આઇપીએલ ક્રિકેટમાં આજે પંજાબ કિંગ્સનો મુકાબલો સનરાઇઝ હૈદરાબાદ સામે ચંડીગઢમાં થઈ રહ્યો છે

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**CANDIDATES IN FRAY**

ચૂંટણી પંચે કહ્યું છે કે 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે એક હજાર 210 ઉમેદવારો મેદાનમાં છે. 88 બેઠકો માટે કુલ 2 હજાર 633 ઉમેદવારીપત્રો ભરાયા હતા. ચકાસણી બાદ 1 હજાર 428 નામાંકન માન્ય હોવાનું જાણવા મળ્યું હતું. ગઈકાલે ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ હતી. આ તબક્કા માટે આ મહિનાની 26મી તારીખે મતદાન થશે.

## ELECTION SPECIAL STORY

ભારતનું ચૂંટણી પંચ વિશ્વની સૌથી મોટી લોકતાંત્રિક પ્રક્રિયા શરૂ કરવા માટે તૈયાર છે. ચૂંટણી પંચે મતદારો માટે ઉમેદવારોને ઓળખવા અને તેમનો ગુનાહિત ઇતિહાસ ચકાસવા અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કર્યો છે. જેમાં ચૂંટણીપંચે Know Your Candidate અને KYC નામની એપ બનાવી છે.

ચૂંટણીમાં મતદારે ઉમેદવારને ઓળખવું ખૂબ જ જરૂરી છે. ઉમેદવારોની પૃષ્ઠભૂમિ અને તેમની ભાવિ યોજનાઓ વિશે જાણીને, મતદારો સંભવિત મુશ્કેલીઓ ટાળી શકે છે અને તેમના માટે કામ કરે તેવા ઉમેદવારને પસંદ કરી શકે છે. તે માટે Android અને iPhone બંને પર આ બંને એપ્લીકેશન ઉપલબ્ધ છે. એપ્લિકેશન પર, મતદારોએ ફક્ત ચૂંટણીનો પ્રકાર અને મતવિસ્તાર લખશે ત્યારબાદ મતવિસ્તારના ઉમેદવારોની યાદી દેખાશે. મતદારો એપ પર ચોક્કસ ઉમેદવાર વિશે પણ માહિતી મેળવી શકે છે. આ એપ માત્ર ઉમેદવાર સામે કોઈ ફોજદારી કેસ છે કે કેમ અને તેમની વર્તમાન સ્થિતિની વિગતો પણ આપશે.

## PM RALLY-MP

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે 2024ની આ ચૂંટણી 21મી સદીના ભારત માટે ખૂબ જ મહત્વની છે. શ્રી મોદી આજે મધ્ય પ્રદેશના બાલાઘાટમાં એક સભાને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે આ માત્ર ચૂંટણી નથી પરંતુ નવા ભારતના નિર્માણનું મિશન છે.

શ્રી મોદીએ કહ્યું કે ભાજપ સરકાર સૌનો સાથ, સહુનો વિકાસના મંત્રને અનુસરી રહી છે અને દેશના દરેક શહેર અને ગામડાઓને પ્રાથમિકતા આપી રહી છે. આંતરમાળખાના વિકાસનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે અમારી સરકાર દેશમાં આધુનિક આંતરમાળખાકીય સુવિધાઓ પર કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે. ભાજપે સમાજના દલિત-પછાત-આદિવાસી વર્ગને સન્માન આપ્યું છે,

## ROADSHOW IN CHENNAI

પ્રધાનમંત્રી મોદી આજે સાંજે ચેન્નાઈમાં રોડ શો યોજીને તમિલનાડુના બે દિવસીય પ્રવાસની શરૂઆત કરશે. તમિલિસાઈ સુંદરરજન ભાજપના દક્ષિણ ચેન્નાઈના ઉમેદવાર છે, જ્યારે વિનોજ પી સેલ્વમ મધ્ય ચેન્નાઈથી DMKના દયાનિધિ મારન સામે ટકરાશે.

આવતીકાલે, ભાજપના સ્ટાર પ્રચારક કોઈમ્બતુર નજીક વેલ્લોર અને મેટ્ટુપલયમમાં બે જાહેર સભાઓને સંબોધશે.

આ મહિનાની 19મી તારીખે રાજ્યની 39 લોકસભા બેઠકો માટે એક તબક્કામાં મતદાન યોજાશે.

## DISTRIBUTION OF LOK SABHA SEATS IN MAHARASHTRA

મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડીએ લોકસભા બેઠકોની વહેંચણીની જાહેરાત કરી છે. મુંબઈમાં એક જાહેરસભાને સંબોધતા, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પંવાર, શિવસેનાના નેતા ઉદ્ધવ ઠાકરે અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલેએ રાજ્યમાં 48 લોકસભા બેઠકની વહેંચણીની જાહેરાત કરી હતી. જેમાં શિવસેના 21, કોંગ્રેસ 17 અને એનસીપી 10 બેઠકો પર ચૂંટણી લડશે.

## FOREIGN MINISTER DR. SUBRAMANIAM

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ આજે નવી દિલ્હીમાં બેલ્જિયમના વિદેશ મંત્રાલયના મહાસચિવ થિયોડોરા જેન્ટિસને મળ્યા હતા. એક સોશિયલ મીડિયા

પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું કે તેઓએ ભારત, બેલ્જિયમ અને યુરોપિયન યુનિયન વચ્ચે આર્થિક અને રાજકીય સહયોગને મજબૂત કરવા ચર્ચા કરી. ડૉ. જયશંકરે હીરા ઉદ્યોગ પર પણ ચિંતા વ્યક્ત કરી અને સેમિકન્ડક્ટર્સ અને ગ્રીન ડેવલપમેન્ટ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

## PREZ-HOMEOPATHIC-SYMPOSIUM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે નવી દિલ્હીમાં યશોભૂમિ કોન્ફરન્સ સેન્ટર, દ્વારકા ખાતે વિશ્વ હોમિયોપેથી દિવસ નિમિત્તે બે દિવસીય હોમિયોપેથી સેમિનારનું ઉદ્ઘાટન કરશે. સેમિનારનું આયોજન આયુષ મંત્રાલય હેઠળની સેન્ટ્રલ હોમિયોપેથી રિસર્ચ કાઉન્સિલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેની મુખ્ય થીમ 'સશક્તિકરણ સંશોધન પ્રવિણતા વધારવા' છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ સર્વગ્રાહી સ્વાસ્થ્ય અને સુખાકારી અને હોમિયોપેથી સંશોધનમાં અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ વૈજ્ઞાનિક પરિસંવાદમાં આંતર-શિસ્ત સંશોધન, રોગશાસ્ત્ર અને જાહેર આરોગ્ય, હોમિયોપેથી દવાના ધોરણો અને પ્રાથમિક સંશોધન, અન્ય વિષયો પર વિવિધ સત્રો યોજાશે.

આ કોન્ફરન્સમાં આયુષ મંત્રાલયના સચિવ વૈદ્ય રાજેશ કોટેજા, સહીત અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ પણ ઉપસ્થિત રહેશે.

## ENFORCEMENT DIRECTORATE

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ-ઇડીએ પંજાબ અને મહારાષ્ટ્ર કોઓપરેટિવ બેંકના લોન છેતરપીંડી કેસમાં 52 કરોડ રૂપિયાથી વધુની કિંમતની એક હજાર 800 એકર જમીન અસ્થાયી રૂપે જપ્ત કરી છે. EDએ પંજાબ અને મહારાષ્ટ્ર કોઓપરેટિવ બેંકના તત્કાલિન ડિરેક્ટર, જોય થોમસ, વર્યમ સિંહ અને અન્યો વિરુદ્ધ મુંબઈ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે હાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ, તેના ડિરેક્ટર્સ

અને અન્ય સહ-આરોપીઓએ બેંક સાથે 6 હજાર કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી છે.

## HOME MINISTER AMIT SHAH

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આજે કહ્યું હતું કે છેલ્લા 10 વર્ષો દરમિયાન આસામ અને પૂર્વોત્તર રાજ્યોનો વિકાસ અગાઉ ક્યારેય થયો ન હતો. તેઓ આસામના લખીમપુર લોકસભા મતવિસ્તારના ચુકુલી ભોરિયામાં જનસભાને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે આસામ પ્રત્યેની બેદરકારી અને અસંવેદનશીલતા માટે કોંગ્રેસની ટીકા કરી હતી. આ પ્રસંગે શ્રી શાહે કહ્યું કે આજે ઉત્તર-પૂર્વ ભારત એક સફળતાની ગાથા તરીકે ઉભરી આવ્યું છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં છેલ્લા દસ વર્ષમાં અનેક શાંતિ કરારો પર હસ્તાક્ષર થયા છે અને નવ હજાર 500થી વધુ આતંકવાદીઓએ આત્મસમર્પણ કરીને સમાજની મુખ્ય ધારામાં જોડાયા છે. લખીમપુર સંસદીય બેઠક ભાજપ પાસે છે અને વર્તમાન સાંસદ પ્રદાન બરુઆ સતત ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે. તેઓ કોંગ્રેસના ઉમેદવાર ઉદયશંકર હજારિકા સામે ચૂંટણી લડી રહ્યા છે.

## BJP-AAP-KEJRIWAL

દિલ્હી એક્સાઇઝ નીતિ કેસ મામલે ભાજપે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે પ્રહારો કર્યા હતા. આ કેસમાં દિલ્હી વડીઅદાલતે અગાઉ અરવિંદ કેજરીવાલની જામીન અરજી ફગાવી દીધી હતી. નવી દિલ્હી સ્થિત ભાજપ કાર્યાલય ખાતે પત્રકારોને સંબોધતા ભાજપ પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું છે કે સામે આવેલા તથ્યો અને પુરાવાઓએ અરવિંદ કેજરીવાલના  સ્વંય ઘોષિત પ્રામાણિક ચારિત્ર્યની વાસ્તવિકતા ઉજાગર કરી દીધી છે.

દરમિયાન આપ નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું છે કે પાર્ટી આ મામલે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરશે. વધુમાં તેમણે કહ્યું કે પાર્ટીને સર્વોચ્ચ અદાલતમાં વિશ્વાસ

છે, અને આશા છે કે ઉચ્ચ ન્યાયાલય તરફથી અરવિંદ કેજરીવાલને જરૂરીથી રાહત મળશે.

## CLIMATE-CHANGE--HOTTEST-MARCH

જો વર્ષના અંત સુધીમાં તાપમાનમાં ઘટાડો ન થાય તો આબોહવા પરિવર્તન "અનુચિંતિત પ્રદેશમાં" જઈ શકે છે. નાસાના ગોડાર્ડ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ સ્ટડીઝના ડિરેક્ટર ગેવિન શ્મિટના જણાવ્યા અનુસાર, જો ઉનાળાના અંત સુધીમાં ઉત્તર એટલાન્ટિક અથવા અન્ય જગ્યાએ રેકોર્ડ બ્રેકિંગ તાપમાન જોવામાં આવે છે, તો પછી અજ્ઞાત પ્રદેશમાં ખસેડવામાં આવશે.

ચેતવણી આવી છે કારણ કે નવા ડેટા દર્શાવે છે કે માર્ચ 2024 રેકોર્ડ પર સૌથી ગરમ હતો, જે ગયા વર્ષે જૂનથી સતત દસ સુધી માસિક તાપમાનના રેકોર્ડને લંબાવ્યો હતો.

અલ નિનો નામની હવામાન પ્રણાલી અને માનવીય આબોહવા પરિવર્તન તાજેતરની ગરમી પાછળ છે.

## BJP-AAP-KEJRIWAL

દિલ્હી એક્સાઇઝ નીતિ કેસ મામલે ભાજપે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે પ્રહારો કર્યા હતા. આ કેસમાં દિલ્હી વડીઅદાલતે અગાઉ અરવિંદ કેજરીવાલની જામીન અરજી ફગાવી દીધી હતી. નવી દિલ્હી સ્થિત ભાજપ કાર્યાલય ખાતે પત્રકારોને સંબોધતા ભાજપ પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું છે કે સામે આવેલા તથ્યો અને પુરાવાઓએ અરવિંદ કેજરીવાલના સ્વંય ઘોષિત પ્રામાણિક ચારિત્ર્યની વાસ્તવિકતા ઉજાગર કરી દીધી છે.

દરમિયાન આપ નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું છે કે પાર્ટી આ મામલે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરશે. વધુમાં તેમણે કહ્યું કે પાર્ટીને સર્વોચ્ચ અદાલતમાં વિશ્વાસ

છે, અને આશા છે કે ઉચ્ચ ન્યાયાલય તરફથી અરવિંદ કેજરીવાલને જરૂરીથી રાહત મળશે.

## IPL

આઇપીએલ ક્રિકેટ માં આજે પંજાબ કિંગ્સનો મુકાબલો સનરાઇઝ હૈદરાબાદ સામે ચંડીગઢમાં થઈ રહ્યો છે જેમાં પંજાબ કિંગ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા મળતા સમાચાર મુજબ સનરાઇઝ હૈદરાબાદ એ ૩ વિકેટે 5ઓવરમાં ૩૭ રન કર્યા છે.

## UTTARAKHAND-ROAD-ACCIDENT

ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લાના ઉંચકોટમાં ગત મોડી રાત્રે વાહન ઉંડી ખાઈમાં પડતાં નેપાળ મૂળના સાત કામદારો અને એક સ્થાનિક ડ્રાઈવરના મોત નિપજ્યા છે, જ્યારે અન્ય બે ઘાયલ થયા હતા. માહિતી મળતાની સાથે જ પોલીસે આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે મળીને રાહત કામગીરી શરુ કરી હતી અને તમામ આઠ મૃતદેહોને બહાર કાઢ્યા હતા. ગંભીર રીતે ઘાયલ બે લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે